# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/330 Dt. 09/02/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ફ્રોડને સમજવા, ઓળખવા અને અટકાવવા અંગે ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન અપાયું

### ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ‘વિન્ડો ટુ ધ વર્લ્ડ ઓફ ફ્રોડ’ વિષય પર અવેરનેસ સેશન યોજાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ‘વિન્ડો ટુ ધ વર્લ્ડ ઓફ ફ્રોડ’ વિષય પર મહત્વપૂર્ણ અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ડિજિટલ ટ્રાન્ઝેકશન અને ગ્લોબલ બિઝનેસ વધતા જતા, ફ્રોડના પ્રકારો પણ વધુ સુક્ષ્મ અને જોખમી બની રહ્યા છે. આવા સમયમાં ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને સંસ્થાઓ માટે ફ્રોડ અંગે જાગૃતિ અને સચેતતા અનિવાર્ય બની ગઈ છે.

આ અવેરનેસ સેશનમાં CDIMS – મુંબઈ અને સિંગાપુરની નિષ્ણાત ટીમ દ્વારા વિશેષ પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. ટીમના સભ્યો સી.એ. જતીન ઝવેરી, સી.એ. રાજન ગુપ્તે, સી.એ. અમિત અગરવાલ અને શ્રી ધ્વનિલ ઝવેરીએ ફ્રોડના વિવિધ સ્વરૂપો, રિયલ લાઇફ કેસ સ્ટડીઝ, ફ્રોડ ઓળખવાની પ્રારંભિક નિશાનીઓ તેમજ ફ્રોડ અટકાવવા માટે અપનાવવાની વ્યૂહરચનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ખાસ કરીને ડિજિટલ ફ્રોડ, સાઇબર ફ્રોડ, ઇન્વેસ્ટમેન્ટ સ્કેમ અને ઇન્ટરનલ ફ્રોડ અંગે વિસ્તૃત જાણકારી આપી વ્યવસાયિકોને ફ્રોડથી બચવા સચેત કર્યા હતા.

નિષ્ણાંતોએ વધુમાં જણાવ્યું હતું કે, આજના સમયમાં ફ્રોડ માત્ર મોટા વ્યવસાય પૂરતો સીમિત નથી રહ્યો, પરંતુ નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) પણ તેના ગંભીર ભોગ બની રહ્યા છે. યોગ્ય આંતરિક નિયંત્રણ વ્યવસ્થા, નિયમિત ઓડિટ, કર્મચારીઓમાં જાગૃતિ અને ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ કરીને મોટા ભાગના ફ્રોડને શરૂઆતના તબક્કામાં જ અટકાવી શકાય છે. સાથે જ, કોઈપણ શંકાસ્પદ વ્યવહારને અવગણ્યા વિના તરત તપાસ કરવી અને નિષ્ણાતોની સલાહ લેવી અત્યંત જરૂરી છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ તમામ વકતાઓ, મહેમાનો તેમજ ભાગ લેનારાઓનો આભાર વ્યકત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આવા જાગૃતિપૂર્ણ કાર્યક્રમો દ્વારા ચેમ્બર ઉદ્યોગ જગતને સુરક્ષિત, જાણકાર અને મજબૂત બનાવવા સતત પ્રયત્નશીલ છે.

ચેમ્બરના માનદ્ ખજાનચી સી.એ. મિતિષ મોદીએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, આ સેશનનો હેતુ સભ્યોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે થતાં વિવિધ પ્રકારના ફાયનાન્શિયલ અને બિઝનેસ ફ્રોડ અંગે સમજ આપવાનો તેમજ તેમાંથી બચવા માટેના પ્રેક્ટિકલ ઉપાયો અંગે માર્ગદર્શન આપવાનો હતો.

આ સેશનમાં ચેમ્બરની લેડીઝ વીંગના વાઈસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસી, ચેમ્બરની ડિજિટલ માર્કેટીંગ કમિટીના કો–ચેરમેન શ્રી મંથન મદ્રાસી, ઉદ્યોગ સાહસિકો, વેપારીઓ, પ્રોફેશનલ્સ અને ચેમ્બરના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા તથા કાર્યક્રમને અત્યંત ઉપયોગી તથા માર્ગદર્શક ગણાવ્યો હતો.